1. ટૂંક નોંધ લખો : પ્રોબેશન

- જ્યારે કોઈ બાળક પ્રથમ વખત સામાન્ય ગુનાઈત વર્તન કરે ત્યારે તેને સુધાર ગૃહમાં મોકલવાને બદલે 'પ્રોબેશન' પર રાખવામાં આવે છે. 'પ્રોબેશન' પર રાખવાની સત્તા બાળ અદાલતને છે. પ્રોબેશનથી બાળ અપરાધીના કુટુંબજીવન અને સમાજજીવન સાથેના સંબંધો ચાલુ રહે છે. અદાલતે નક્કી કરેલી મુદત સુધી બાળ અપરાધીએ પ્રોબેશન અધિકારીની દેખરેખ નીચે રહેવાનું હોય છે. પ્રોબેશન અધિકારી પ્રોબેશન પર રહેલા બાળ અપરાધીનું વર્તન તેના કુટુંબ, મિત્ર જૂથ , પડોશજૂથ વગેરે દરેક ક્ષેત્રમાં કેવું છે તેનું નિરીક્ષણ કરે છે. આમ, પ્રોબેશનનો હેતુ બાળ અપરાધીના સમાજ જીવન અને કુટુંબજીવનનું સાતત્ય જાળવી રાખીને તેની સુધારણા કરવાનો છે.

2. ટૂંક નોંધ લખો : યુવા અજંપો

- યુવા અજંપાનો અર્થ : યુવાવર્ગના માનસમાં ધ્યેયપ્રાપ્તિની વંચિતતાની જે અસર ઉદ્ભવે છે તે અસંતોષ એટલે 'યુવા અજંપો'. યુવાનોની જરૂરિયાતની પૂર્તિ ન થાય અને તેમની સમસ્યાઓનો ઉકેલ ન આવે ત્યારે યુવાનો જે વર્તન કરે તે વર્તનમાં તેમની લાગણી, માંગણી અને અસંતોષની જે અભિવ્યક્તિ થતી હોય તેને 'યુવા અજંપો' કહેવામાં આવે છે.
- આ પ્રકારની અભિવ્યક્તિ સંગઠિત રીતે આંદોલન, ઘેરાવ, સરઘસ કે હડતાળ સ્વરૂપે દેખાય છે. ખાસ કરીને શિક્ષણ સંસ્થાઓ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના અજંપાની સ્થિતિને 'યુવા અજંપો' કહે છે. યુવાશક્તિની સરખામણી અણુવિસ્ફોટ સાથે કરવામાં આવે છે. જો તેનો સદુપયોગ કરવામાં આવે, તો વિશ્વકલ્યાણ થઈ જાય અને જો દુરુપયોગ કરવામાં આવે, તો વિશ્વવિનાશ થઈ જાય. યુવાવર્ગમાં અશાંતિ કે અસંતોષ દેશ અને સમાજના ઉજ્વળ ભવિષ્યને અવરોધે છે.
- વર્તમાન સમયમાં યુવા અજંપાનો ફેલાવો વધતો જાય છે, જે સમગ્ર સમાજવ્યવસ્થા માટે સમસ્યારૂપ છે. યુવા અજંપાનાં કારણો : સમાજની દરેક સમસ્યા માટે કારણોજવાબદાર હોય છે. યુવા અજંપા માટે અનેક કારણો જવાબદાર છે. આ કારણોને ,
- વિભાગમાં વહેંચવામાં આવે છે : 1. સામાજિક કારણ, 2. શૈક્ષહિ, કારણ તથા 3. જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણ

3. સામાજિક ધોરણભંગ એટલે શું?

- પ્રત્યેક સમાજમાં સમાજવ્યવસ્થાના સંચાલન માટે તથા સભ્યોના વર્તનના નિયંત્રણ માટે ચોક્કસ સામાજિક ધોરણો હોય છે.દરેક સમાજ પોતાના સભ્યો પાસે આ ધોરણોના પાલનની અપેક્ષા રાખે છે.
- તેના પરિણામે સમાજમાં સુગ્રથન, એકતા અને સાતત્ય જળવાઈ રહે છે. પરંતુ પ્રત્યેક સમાજમાં સમાજના બધા જ સભ્યો દ્વારા ધોરણોનું પાલન થતું હોય એવી આદર્શ સ્થિતિ જોવા મળતી નથી. કેટલીક વાર વ્યક્તિથી અજાણતાં ધોરણભંગનું વર્તન થતું હોય છે.
- ધોરણભંગની માત્રા અને પ્રમાણમાં વધારો થાય ત્યારે સમાજમાં સમસ્યાઓ સર્જાય છે. સામાજિક થોરાબંગ એટલે સમાજે માન્ય કરેલાં ધોરણોનું ભંગ કરતું વર્તન.
- રૉબર્ટ મર્ટનના મતે, "ધોરણભંગ એવું વર્તન છે જે વ્યક્તિઓના દરજ્યા અનુસાર નકકી થયેલાં ધોરણોથી વિરુદ્ધ સ્વરૂપનું હોય." હાવર્ડ બેકર ધોરણભંગને સમાજ દ્વારા સ્વીકૃત નિયમોના ભંગ તરીકે ઓળખાવે છે. સમાજના

નિયમો, ઉપનિયમો, મૂલ્યો, પરંપરા, રૂઢિ, રિવાજ વગેરે લોકો ભૂલી જાય છે ત્યારે સામાજિક ધોરણભંગ થાય છે.

- આ ધોરણોનો ભંગ કરવાવાળી વ્યક્તિનોમાં એવી પરિસ્થિતિ ઉદ્દભવે છે કે જે તેને અપરાધી બનાવે છે. બેકરના મતે, ધોરણભંગ માટે વ્યક્તિને દોષી ગણી શકાય નહિ. વ્યક્તિનો અપરાધ એ સમાજનું જ પરિણામ છે. સમાજ વ્યક્તિને અપરાધી બનાવે છે.
- ધોરણભંગનાં સ્વરૂપોમાં અપરાધ, બાળ અપરાધ, આપઘાત, વાઇટ કૉલર ક્રાઈમ, બ્લ્યુ કૉલર ક્રાઈમ વગેરેનો સમાવેશ થાય છે. તે સામાજિક નિયંત્રણની વ્યવસ્થાને નબળી બનાવે છે. રિચાર્ડ ક્લોવર્ડ, હાવર્ડ વેડર, એડબન લેમર્ડ, કોહેન તથા રૉબર્ટ મર્ટન જેવા સમાજશાસ્ત્રીઓએ ધોરણભંગના ક્ષેત્રમાં અભ્યાસો કર્યો છે.

### 4. સામાજિક ધોરણભંગની વ્યાખ્યા આપો. (March 18)

- સામાજિક ધોરણભંગ એટલે સમાજમાન્ય ધોરણોનો ભંગ કરતું વર્તન. પ્રત્યેક સમાજમાં સમાજવ્યવસ્થાના સંચાલન માટે તથા સભ્યોના વર્તનના નિયંત્રણ માટે ચોક્કસ સામાજિક ધોરણો હોય છે.' સમાજના નિયમો, ઉપનિયમો, મૂલ્યો, પરંપરા, રૂઢિ, રિવાજ વગેરે લોકો ભૂલી જાય ત્યારે સામાજિક ધોરણભંગ થાય છે. સામાજિક ધોરણભંગ વર્તનની વ્યાખ્યા : કેટલાક સમાજશાસ્ત્રીઓએ આપેલી સામાજિક ધોરણભંગ વર્તનની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :
- 1. હોર્ટન અને હન્ટ : સમાજનાં ધોરણોનું અનુસરણ કરવાની કોઈ પણ નિષ્ફળતા એટલે સામાજિક ધોરણભંગ.
- 2. માર્શલ ક્લિનાર્ડ : સમાજ દ્વારા અમાન્ય કે પ્રતિબંધિત દિશામાં સભ્યોનો સામાજિક વ્યવહાર સહ્ય વર્તનની સીમાની બહાર જાય તેને સામાજિક ધોરણભંગ કહેવાય.
- 3. રૉબર્ટ મર્ટન : સમાજમાન્ય ધોરણોથી વિરુદ્ધનું વ્યક્તિનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ.

### 5. બાળ અપરાધની વ્યાખ્યા આપો. (July 18)

- બાળ અપરાધનો ખ્યાલ ઉંમર સાથે જોડાયેલો છે. સામાન્ય રીતે 7થી 18 વર્ષની વચ્ચેની ઉંમર ધરાવતી વ્યક્તિના ગેરકાનૂની વર્તનને 'બાળ અપરાધ' કહે છે.
- બાળ અપરાધની વ્યાખ્યા : સમાજશાસ્ત્રના પારિભાષિક કોશ મુજબ, બાળ અપરાધ અમુક ઉંમરથી નીચેની ઉંમરનાં બાળકો અને કિશોરોનાં એવાં સમાજવિરોધી કત્યો સૂચિત કરે છે કે જે સ્પષ્ટ રીતે કાયદાથી પ્રતિબંધિત થયેલાં હોય છે અથવા કાયદામાં જે કત્યોનું અર્થઘટન અપરાધ તરીકે કરીને તેની સામે કોઈ કે સત્તાવાર પગલાં નક્કી કરવામાં આવ્યાં હોય તેવાં કૃત્યો.''
- ડો. હંસા શેઠ : ''સમાજશાસ્ત્રીય સંશોધનમાં 'બાળ અપરાધી શબ્દ ફક્ત એવાં બાળકોને સૂચિત કરે છે કે જે બાળકોની સામે પોલીસ અધિકારીઓએ અથવા અદાલતી સત્તાવાળાઓએ સત્તાવાર રીતે કોઈ પગલાં લીધાં હોય છે.' ફ્રિડલેન્ડર : બાળ અપરાધ એ બાળકે કરેલું એવું વર્તન છે.
- જેની સામે કાનૂનના આધારે કામ ચલાવવામાં આવે છે. જેની સામે કાનૂની કાર્યવાહી કરવાનું જરૂરી બને એવા બાળકના ગંભીર સ્વરૂપના સમાજવિરોધી મનોભાવોને બાળ અપરાધ તરીકે ઓળખાવી શકાય.